RAN-2401000106020507

# RAN-2401000106020507

## T.Y.B.A. (NON-NEP) (Sem.- VI) Examination March - 2026

## Gujarati (Paper - XXII :B) (UN SEAN)

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

| **સૂચના : / Instructions** | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Student's Signature |

**પ્ર.1. નીચેનામાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **10**

1. રાજેન્દ્ર શાહને સાહિત્ય સર્જન માટે મળેલ બે પુરષ્કારોના નામ જણાવો.
2. ચિનુ મોદી કયા યુગના કવિ છે? તેમનું તખ્ખલુસ જણાવો.
3. કાવ્યકૃતિનો આસ્વાદ કરાવતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?
4. વર્તમાન સાથે ભૂતકાળ સાંકળવાની સબળ રચનારીતિ કઈ ચાવીરૂપ સંજ્ઞાથી ઓળખાય છે?
5. વિરેચન સંજ્ઞાનો સંક્ષેપ અર્થ લખો.
6. છંદ એટલે શું? છંદના પ્રકાર જણાવો.
7. છંદમાં યતિ તેના નિયમ મુજબ ચોક્કસ સ્થાને ન હોય તો તેને શું કહેવામાં આવે છે?
8. મંદાક્રાન્તા છંદનું બંધારણ સ્પષ્ટ કરી, તેનો પ્રકાર જણાવો.

**પ્ર.2.** કવિ સર્જકની કેફિયતને આધારે કોઈ પણ એક સર્જકની સર્જન પ્રક્રિયાનો પરિચય કરાવો. **13**

1. હરીન્દ્ર દવે
2. ચિનુ મોદી
3. રમેશ પારેખ

**પ્ર.3.** કાવ્યકૃતિનો આસ્વાદ કરાવો. **13**

**ગુલામ**

હું ગુલામ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ?
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
સ્વ-છંદ પંખી ઊડતાં,
હલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઈ ના.

સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા,
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઈ દેતું ત્યાં.

સિંધુ ઘુઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઈ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં.

સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ?
ઉમાશંકર જોશી

**અથવા**

**પ્ર.3.** ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.
1. સન્નિધાન
2. તિરોધાન

**પ્ર.4. અ.** શિખરિણી, હરિગીત, પૃથ્વી, સ્રગ્ધરા-પૈકી કોઈ પણ બે છંદ ઉદાહરણ સહિત સમજાવો. **7**

**પ્ર.4. બ. કોઈ પણ બે છંદ ઓળખાવી બંધારણ સમજાવોઃ** **7**
1. ''કલા છે ભોજ્ય મીઠી ને ભોક્તા વીણ કલા નહિ,
   કલાવાન કલા સાથે ભોક્તા વીણ મળે નહિ.''
2. ''કામિની કોકિલા કેલિ કૂંજન કરે
   સાગરે ભાસતી ભવ્ય ભરતી''
3. ''માગ્યો પ્રેમ મળે, ન કોઈ પ્રજળે નિઃશ્વાસથી ચેતના,
   ક્યાંથી હોય જ પ્રેમકર્ષક ખુબી સદ્દભાવ પૂરાં વિના;''
4. ''નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી
   વાંકો એના અંબોડો ને વાંકા એના વેણ છેઃ''